# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :16-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **શહેરી પછાત વિસ્તારોમાં આવેલી સૂચિત સોસાયટીઓ માટે દસ્તાવેજીકરણની પ્રક્રિયા સરળ બનશે.**
2. **રાજ્ય સરકાર બહેરાશ ધરાવતા બાળકોને કોકલિયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીન બીજીવાર નિઃશુલ્ક લગાવી આપશે.**
3. **અમદાવાદની સાબરમતી નદીને સ્વચ્છ કરવાનું અભિયાન શરૂ.**
4. **મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળ પર આજે હળવાથી મધ્ય વરસાદની આગાહી.**
5. **ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સમાં સુરતના ખેલાડી દક્ષ ભૂતે યોગાસનમાં રજત ચંદ્રક જીત્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MAHESUL BETHAK

રાજ્યમાં શહેરોના પછાત વિસ્તારોમાં આવેલી સૂચિત સોસાયટીઓના લોકો માટે દસ્તાવેજીકરણની પ્રક્રિયા સરળ બનશે. ગાંધીનગરમાં ગઈકાલે રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, મહેસૂલ વિભાગના સચિવ અને સંબંધિત અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પાનશેરિયાએ કહ્યું, શહેરોના પછાત વિસ્તારોમાં આવેલી એવી સૂચિત સોસાયટીઓના નાગરિકોને, જેઓ વર્ષો સુધી પોતાનું રહેઠાણ હોવા છતાં દસ્તાવેજી માલિકી મેળવવામાં અસમર્થ રહ્યા હોય. તેમના માટે દસ્તાવેજીકરણની પ્રક્રિયા સરળ બનશે. આ નિર્ણયથી નાગરિકો પોતાના મિલકતના અધિકાર સાથે નાણાકીય, શૈક્ષણિક તથા અન્ય કાયદાકીય લાભ પ્રાપ્ત કરી શકશે.

. . . . . . . . . . . . . .

# HRISHIKESH PATEL SOLA CIVIL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે 100 બાળકોને કોકલીયાર ઈમ્પ્લાન્ટ અને એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર મશીનનું વિતરણ કર્યું. શ્રી પટેલે જણાવ્યું કે, જન્મજાત બહેરાશની તકલીફ હોય તેવા બાળકને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નિ:શુલ્ક કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીન નિ:શુલ્ક લગાવી આપવામાં આવે છે.

કુલ 220 બાળકોને, રૂપિયા અઢી લાખનું એક એવા આ મશીનનું બીજીવાર ફીટીંગ અને મેપિંગ કરી આપવાનું આયોજન હાથ ધરાયું છે. બાકી રહેલા 120

બાળકોના પણ પ્રોસેસર ઈમ્પ્લાન્ટ ટૂંક સમયમાં નવા બદલી આપવામાં આવશે તેમ શ્રી પટેલે જણાવ્યું હતું.

રાજ્ય સરકારે એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર બગડ્યું હોય કે ખોવાઈ ગયું હોય તેવા કિસ્સામાં આ મશીન ફરીથી નિ:શુલ્ક લગાવી આપવાનો નિર્ણય કર્યો છે.

. . . . . . . . . . . . .

# SABARMATI CLEAN

અમદાવાદની સાબરમતી નદીનું સફાઈ અભિયાન ગઈકાલથી શરૂ થયું. શહેરનાં મેયર પ્રતિભા જૈન અને ધારાસભ્યો સહિત ભાજપના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની આ અભિયાનમાં જોડાયા હતા. ગાંધી આશ્રમની પાછળના ભાગે રિવરફ્રન્ટ પર શરૂ થયેલા અભિયાનમાં 25થી વધુ સંસ્થાઓના 500થી વધુ કાર્યકર્તાઓ પણ જોડાયા છે. આ પ્રસંગે મેયર પ્રતિભા જૈને જણાવ્યું કે પાંચ જૂન સુધી નદીમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. દરમિયાન સુશ્રી જૈને લોકોને સ્વચ્છતા રાખવાની પણ અપીલ કરી.

**(BYTE- PRATIBHA JAIN, MAYOR, AMDAVAD)**

. . . . . . . . . . . . .

# TRIRANGA YATRA-1

ભારતીય સેનાના 'ઑપરેશન સિંદૂર' ને બિરદાવવા રાજ્ય સહિત દેશભરમાં આગામી 23 મે સુધી ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું છે.

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં સર્વ સમાજ દ્વારા ત્રિરંગા યાત્રા યોજાઈ. APMC બજારથી શરૂ થયેલી યાત્રામાં સાંસદ રાજપાલસિંહ યાદવ, રાજ્યસભા સાંસદ ડૉક્ટર જસવંતસિંહ પરમાર તેમજ કાલોલના ધારાસભ્યો સહિત પોલીસ જવાનો અને સ્થાનિકો જોડાયા.

ખેડા જિલ્લાના વડામથક નડિયાદ ખાતે યોજાયેલી ત્રિરંગા યાત્રામાં સાંસદ દેવુસિંહ ચૌહાણ, જિલ્લાના છ ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા. સાંજે સાડા છ વાગ્યે સંતરામ સર્કલ ખાતેથી શરૂ થયેલી યાત્રા સરદાર પ્રતિમા પાસે પૂર્ણ થઈ હતી.

મહેસાણામાં ધોબીઘાટથી શરૂ થયેલી ત્રિરંગા યાત્રા શહેરના વિવિધ વિસ્તારમાં ફરી હતી. યાત્રામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા. પાટણમાં પણ ભવ્ય ત્રિરંગા યાત્રા યોજી ભારતીય સેનાના જવાનોના શૌર્યને બિરદાવવામાં આવ્યું. ભાવનગરના સિહોરમાં યોજાયેલી ત્રિરંગા યાત્રામાં કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા જોડાયાં. લોકોએ પુષ્પવર્ષા કરી યાત્રાનું સ્વાગત કર્યું હતું.

તો સુરતના માંડવી ખાતે ભારતીય સેનાના સન્માનમાં ત્રિરંગા યાત્રા યોજાઈ. 42 ફૂટ લાંબા ત્રિરંગા સાથે રાષ્ટ્રભાવનાના જયઘોષ સાથે મોટી સંખ્યામાં લોકો યાત્રામાં જોડાયા હતા.

બનાસકાંઠાના પાલનપુરમાં પણ ગઈકાલે ત્રિરંગા યાત્રા યોજાઈ. યાત્રા અંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલાએ પ્રતિક્રિયા આપી.

(બાઈટ- કિર્તીસિંહ વાઘેલા)

. . . . . . . . . . . . .

# SUMMER YOGA CAMP

ગુજરાત રાજ્ય યોગ બૉર્ડ દ્વારા આજથી રાજ્યભરમાં સમર યોગ કૅમ્પ યોજવામાં આવશે. બાળકોમાં સંસ્કાર, નિયમિત જીવનશૈલી, યોગ્ય આહાર અને યોગ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુસર 200 જેટલા સ્થળ પર સાતથી 15 વર્ષના બાળકો માટે આ કૅમ્પનું આયોજન કરાયું છે. કૅમ્પમાં 20 હજારથી વધુ બાળકો ભાગ લે તેવી શક્યતા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

કૅમ્પ દરમિયાન બાળકોને યોગના વિવિધ આસન, પ્રાણાયામ, ધ્યાન અને જીવનશૈલી અંગે તાલીમ અપાશે. તેમજ બાળકોને યોગ માહિતી પુસ્તિકા, ટોપી અને રમત સાથે યોગ તથા પૌષ્ટિક નાસ્તાની વ્યવસ્થા પણ કરાશે. ઉપરાંત યોગ બૉર્ડના નિષ્ણાતો દ્વારા બાળકોને યોગના આધારિત તત્વો અને આરોગ્યલાભની વિસ્તૃત માહિતી અપાશે.

. . . . . . . . . . . . .

# GUJARAT VIDYAPITH

અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સામાજિક ઑડિટના પ્રમાણપત્ર અભ્યાસક્રમનો પ્રારંભ કરાયો છે. આ અભ્યાસક્રમ ગ્રામીણ વિકાસની યોજનાઓમાં પારદર્શકતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં મહત્વનું યોગદાન આપશે. તેમજ અભ્યાસક્રમ રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરના રિસોર્સ પર્સનને સામાજિક ઑડિટની પદ્ધતિઓ, નિયમ અને સામાજિક ઑડિટના સૈદ્ધાંતિક અને વ્યાવહારિક પાસાંઓની વ્યાપક સમજ અપાશે એમ સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ વિકાસ વિભાગની મહાત્મા ગાંધી નરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, નેશનલ રુરલ લાઈવલીહુડ મિશન, સ્વચ્છ ભારત મિશન યોજનાઓ અને અન્ય ગ્રામ વિકાસ યોજનાઓ જેમ કે, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, 15-મું નાણાપંચ, જાહેર વિતરણ વ્યવસ્થા મિડ ડે મિલ અને ICDS આંગણવાડી યોજનાઓમાં સામાજિક જવાબદારી, પારદર્શકતા અને લોકભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# DENGUE DAY

આજે 16 મે-એ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ છે. તેનો હેતુ મચ્છરજન્ય રોગ અને ડેન્ગ્યુ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો અને તેને અટકાવવાના ઉપાયોને પ્રોત્સાહન આપવાનો છે. સાંભળીએ એક અહેવાલ.

## (VOICE CAST: ANIL PATEL)

(ડેંગ્યુ એક મચ્છરજન્ય વાઇરલ બિમારી છે, જે એડિસ એજિપ્ટી મચ્છરનાં કરડવાથી ફેલાય છે. આ મચ્છર કરડ્યાના થોડાં કલાકો બાદ ડેંગ્યુનાં લક્ષણ દેખાય

છે. ખાસ કરીને આ બિમારી ચોમાસા દરમિયાન ઝડપથી વધે છે. આ ગાળામાં સ્થિર પાણીમાં મચ્છરોનું પ્રજનન વધી જાય છે. આ પ્રકારના મચ્છરો ઘરમાં ખુલ્લા રહેલા કે બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.  વર્ષ ૨૦૨૫નાં રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસની વિષયવસ્તુ છે-  તપાસો, સાફ કરો, ઢાંકો: ડેન્ગ્યુને હરાવવાનાં પગલાં. રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં ડેન્ગ્યુ દિવસે પોરાનાશક કામગીરી, ડેન્ગ્યુ રોકવા જાગૃતિ કાર્યક્રમો અને સર્વેની કામગીરી કરવામાં આવશે.)

સમાચાર વિભાગથી અનિલ પટેલ, આકાશવાણી અમદાવાદ

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આજે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, સુરત, નવસારી, વલસાડ, તાપી અને દમણ- દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી સહિતના જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના રાજકોટ, જુનાગઢ સહિતના જિલ્લાઓમાં પણ વરસાદની શક્યતા છે. દરમિયાન રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે તેમ હવામાન ખાતાના નિદેશક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- A. K. DAS)**

. . . . . . . . . . . . .

# SURAT MEDAL

સુરતના ખેલાડી દક્ષ ભૂતે બિહારમાં રમાયેલી ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સમાં યોગાસન પરંપરાગત ઇવેન્ટમાં બીજું સ્થાન મેળવી રજત ચંદ્રક જીત્યો છે. દક્ષની આ સિદ્ધિ બદલ ગુજરાત રમતગમત સત્તામંડળ- S.A.G. સહિત તમામ લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સનું ગઈકાલે સમાપન થયું. આ રમતમાં 58 સુવર્ણ, 47 રજત અને 53 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 158 ચંદ્રક જીતીને મહારાષ્ટ્ર ટોચના સ્થાને રહ્યું હતું.

. . . . . . . . . . . . .